**એકમ:૧ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા**

૧.૧ અધ્યયન ની સંકલ્પના

૧.૨ અધ્યાપનની સંકલ્પના

**૧.૧ પ્રસ્તાવના**

- વિશ્વ વિખ્યાત વિજ્ઞાની ડૉ.જેકોબ બ્રોનોવ્સકી માનવને 'મહાન આશ્ચર્યજનક પ્રાણી' તરીકે ઓળખાવે છે.
- તેનું કારણ તે કલ્પના, વિજ્ઞાન અને કળાના જગતમાં વિહારને માને છે.
- માનવબાળ જન્મે ત્યારે પરાવલંબી હોય છે.
- સમય જતા હાથપગ હલાવવા, પડખાભેર થવું, ઉભું થાવું, ગાળામાંથી હર્ષ કે દુઃખનો અવાજ કાઢવો, બોલતા, દોડતા, ખાતાંપીતાં જેવી ક્રિયાઓ જાતે કરતાં શીખેછે.
- થોડુંક મોટુંથતાં તે નિશાળે જાય છે અને વાંચતાં, લખતાં શીખે, બાળગીતો, કવિતા વગેરે ગાતા શીખે, અધ્યાપકે પૂછેલા પશ્નોના ઉત્તરો આપતા શીખે છે.
- આ ક્રિયાઓ ક્યારેક જાગૃતપણે તો ક્યારેક અજાગૃત પણે સતત ચાલતી હોય છે.
- તેના જીવનમાં એવું ભાગ્યેજ બને છે કે શીખવાની આ પ્રવુતિ સંપૂર્ણપણે અટકી જતી હોય.
- અધ્યયન દ્વારા બાળક આ બધું શીખે છે.
- અધ્યયન એ માનવનો મૂળભૂત સ્વભાવ છે.
- મનુષ્ય સહેતુક તથા બુદ્ધિપૂર્વક અધ્યયન કરે છે.
- માનવના આ અધ્યયનમાં પ્રેરણા કે પ્રવર્તન અત્યંત અગત્યનો ભાગ ભજવે છે.

- તે માત્ર શાળા, અધ્યાપક, પ્રયોગશાળા કે પુસ્તકાલય પૂરતી માર્યાદિત નથી.
- વ્યક્તિ પોતાના વૈવિધ્યપૂર્ણ અનુભવોમાંથી પણ શીખે છે.
- તે સમગ્ર પર્યાવરણમાંથી શીખે છે.
- આમ વ્યક્તિ જે કઈ શીખે છે તેને અધ્યયન કહીએ છીએ.

પ્ર-૧ માનવને ‘મહાન આશ્ચર્યજનક પ્રાણી’ તરીકે કોણ ઓળખાવે છે?

- ડૉ.જેકોબ બ્રોનોવ્સકી

પ્ર-૨ માનવ કેવા જગતમાં વિહાર કરે છે?

- કલ્પના, વિજ્ઞાન અને કળાના

પ્ર-૩ સમય જતા કેવી ક્રિયાઓ શીખે છે?

- રોજીંદી

પ્ર-૪ શાળાએ કોના પ્રશ્નોના જવાબો આપતા શીખે છે?

- અધ્યાપકે પૂછેલા

પ્ર-૫ આ ક્રિયાઓ કેવી રીતે ચાલે છે?

- જાગૃત-અજાગૃત પણે

પ્ર-૬ માનવજીવનમાં કેવી ક્રિયા ભાગ્યેજ બને છે?

- સંપૂર્ણપણે અધ્યયન અટકવું

પ્ર-૭ બાળક શાના દ્વારા બધું શીખે છે?

- અધ્યયન દ્વારા

પ્ર-૮ માનવનો અધ્યયન કેવો સ્વભાવ છે?

- મૂળભૂત

પ્ર-૯ મનુષ્ય કેવું અધ્યયન કરે છે?

- સહેતુક અને બુદ્ધિપૂર્વકનું

પ્ર-૧૦ અધ્યયનમાં અગત્યનો ભાગ કયો છે?

- પ્રેરણા, પ્રવર્તન

પ્ર-૧૧ અધ્યયન શેના પુરતી માર્યાદિત નથી?

- શાળા, અધ્યાપક, પ્રયોગશાળા

પ્ર-૧૨ વ્યક્તિ પોતાના જીવન દરમિયાન શેમાંથી શીખે છે?

- વિવિધ અનુભવો માંથી

પ્ર-૧૩ સમગ્ર પર્યાવરણમાંથી શીખવાની પ્રક્રિયા ને શું કહે છે?

- અધ્યયન

**૧.૧.૧ અધ્યયનની સંકલ્પના**

- અધ્યયન સ્વતંત્રપણે પણ થાય છે અને શિક્ષકના માર્ગદર્શન વડે પણ થાય છે.
- ઔપચારિક શિક્ષણમાં અધ્યયન પ્રક્રિયા સાથે શિક્ષક સંકળાયેલો છે.
- અધ્યેતાને થતા અનુભવો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અધ્યેતાના વર્તન ઘડે છે.
- તે વર્તનમાં પરિવર્તન આણે છે.
- અધ્યેતાના વર્તનમાં આવેલા આ પરિવર્તનને અધ્યયન કહે છે.
- મનોવિજ્ઞાનની ભિન્ન ભિન્ન વિચારધારાઓએ જુદી જુદી વ્યાખ્યાઓ આપી છે.
- “અધ્યયન એટલે અનુભવોના પરિણામે વર્તનમાં થતો ફેરફાર.”
- આવી વ્યાખ્યા માત્ર બાહ્ય પરિબળોને જ લક્ષમાં લે છે.

પ્ર-૧ અધ્યયન કેટલા પ્રકારે થાયછે?

- બે

પ્ર-૨ કેવા શિક્ષણમાં અધ્યયન પ્રક્રિયાને શિક્ષક સાથે નિસબત છે?

- ઔપચારિક

પ્ર-3 કેવા અનુભવો અધ્યેતાના વર્તનો ઘડે છે?

- પ્રત્યક્ષ કે પરોક્ષ

પ્ર-૪ જુદી વ્યાખ્યાઓ કોણે આપી?

- મનોવિજ્ઞાનની વિચારધારાઓએ

પ્ર-૫ શાના પરિણામે વર્તનમાં ફેરફારો આવેછે?

- અનુભવો

પ્ર-૬ આ વ્યાખ્યા કેવા પરિબળોને લક્ષમાં લે છે?

- બાહ્ય

**૧.૧.૨ અધ્યયનની વ્યાખ્યાઓ:**

- “વર્તનમાં પ્રગતિશીલ અનુકૂલન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા એટલે અધ્યયન.”

  \- સ્કીનર

- “અનુભવ દ્વારા વર્તનમાં પરિવર્તન લાવનારી પ્રક્રિયા એ અધ્યયન છે.”

  \- ગેટ્સ અને અધર્સ

- અધ્યયન એ અનુભવને પરિણામે આવતું વર્તનમાં નવપરિવર્તન છે. તે જૂના વર્તનને મજબૂત યા શિથિલ બનાવે છે.

- અધ્યયન એટલે પુર્વાનુભવના પરિણામ રૂપે વર્તનમાં થતો સાપેક્ષ કાયમી ફેરફાર.

  \- કીંગ અને મોર્ગન

- અધ્યયન એ વ્યક્તિની અભિજ્ઞાત્મક સંરચના અને વર્તનમાં થયેલું પરિવર્તન છે.”

  \- ગાર્ડનર મરફી

- વ્યક્તિના કાર્યોમાં એક સ્થાયી પરિવર્તન એટલે શીખવું.

  \- બર્ન હટ

પ્ર-૧ અધ્યયનને પ્રગતિશીલ અનુકૂલન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા કોણે કહ્યું છે?

- સ્કીનાર

પ્ર-૨ ગેટ્સ અને અધર્સ અધ્યયન કોને કહે છે?

- અનુભવ દ્વારા વર્તનમાં પરિવર્તન

પ્ર-૩ અનુભવ જુના વર્તનને કેવા બનાવે છે?

- મજબુત યા શિથિલ

પ્ર-૪ કીંગ અને મોર્ગન અધ્યયનને કેવો ફેરફાર ગણાવે છે?

- સાપેક્ષ કાયમી ફેરફાર

પ્ર-૫ અધ્યયનને વ્યક્તિની અભીજ્ઞાત્મક સંરચના કોણે કહી છે?

- ગાર્ડનર મરફી

પ્ર-૬ બર્ન હટની અધ્યયનની વ્યાખ્યા કઈ છે?

- કર્યોમાં સ્થાયી પરિવર્તન

**૧.૧.૩ અધ્યયન સંકલ્પનાના ફલિતાર્થો:**

- **અધ્યયન એ આજીવન પ્રક્રિયા છે. તેના વગર જીવન શક્ય નથી.**
- **અધ્યયન દ્વારા હંમેશા હકારાત્મક જ પરિવર્તન આવતું નથી.**
- **અધ્યયન અધ્યેતાને પરિસ્થિતિ કે પર્યાવરણ સાથે અનુકૂલન સાધવા તૈયાર કરે છે.**
- **અધ્યયનમાં એવાં પરિવર્તનોનો સમાવેશ થતો નથી કે જે પુખ્તતા, વૃદ્ધિ થયેલો હોય.**
- **અન્ય ઈજા કે અકસ્માતને કારણે થયેલાં પરિવર્તનો પણ અધ્યયન નથી.**
- **અધ્યયન સંપૂર્ણ રીતે યા આંશિક રીતે અનુભવ કે તાલીમને કારણે થાય છે.**
- **અધ્યયન એ સહેતુક લક્ષ્યગામી પ્રવૃત્તિ છે.**
- **અધ્યયન એ સમગ્ર પરિસ્થિતિ પ્રત્યેની અધ્યેતાની સમગ્ર પ્રતિક્રિયા છે.**
- **અધ્યયન અધ્યેતાના નિવર્તન પરથી જાણી શકાય છે.**
- **પ્રેરણા એ અધ્યયનની પૂર્વશરત છે.**
- **અધ્યયનથી અધ્યેતાનો મનોશારીરિક વિકાસ થાય છે.**
- **અધ્યયન એ પ્રગતિલક્ષી અનુકૂલન છે.**

**પ્ર-૧ શાના વગર જીવન શક્ય નથી?**

- **અધ્યયન વગર**

**પ્ર-૨ પરિવર્તન હંમેશા કેવું નથી હોતું?**

- હકારાત્મક

પ્ર-૩ અધ્યેતા ક્યારે પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધી શકે?

- અધ્યયન કરવાથી

પ્ર-૪ અધ્યયનમાં કેવા પરિવર્તનોનો સમાવેશ થતો નથી?

- પુખ્તતા, વૃદ્ધિ

પ્ર-૫ અકસ્માત કે ઈજા દ્વારા થયેલા પરિવર્તનો અધ્યયન છે?

- ના

પ્ર-૬ તાલીમ અને અનુભવો કેવા હોય છે?

- સંપૂર્ણ યા આંશિક

પ્ર-૭ સહેતુક અને લક્ષ્યગામી પ્રવૃત્તિ કઈ છે?

- અધ્યયન

પ્ર-૮ અધ્યયનમાં પરિસ્થિતિની ક્રિયા પ્રત્યેની કોની પ્રતિક્રિયા છે?

- અધ્યેતાની

પ્ર-૯ અધ્યયન અધ્યેતાના કેવા વર્તન પરથી જાણી શકાય છે?

- નીવર્તન પરથી

પ્ર-૧૦ અધ્યયનની પૂર્વશરત શી છે?

- પ્રેરણા

પ્ર-૧૧ અધ્યયનથી અધ્યેતાનો શેનો વિકાસ થાય છે?

- મનોશારીરિક વિકાસ

પ્ર-૧૨ અધ્યયન એ કેવું અનુકુલન છે?

- પ્રગતિલક્ષી

**૧.૧.૪ અધ્યયન પ્રક્રિયાનું સ્વરૂપ:**

**અધ્યયનની વિવિધ વ્યાખ્યાઓ દ્વારા અધ્યયનની સંકલ્પના સમજ્યા પછી હવે આપણે અધ્યયનની લાક્ષણિકતાઓ તારવી શકીશું.**

યોકામ અને સિમ્પસન નામના બે મનોવૈજ્ઞાનિકએ અધ્યયનના નીચેનાં લક્ષણો તારવ્યાં છે.

(૧) અધ્યન એ બુદ્ધિની પ્રક્રિયા છે.

(૨) અધ્યયન એ અનુભવોનું સુગઠન છે.

(૩) અધ્યયન હંમેશાં બુદ્ધિગમ્ય અને સર્જનાત્મક હોય છે.

(૪) અધ્યયન વ્યક્તિલક્ષી અને સમાજલક્ષી પણ હોઈ શકે.

(૫) અધ્યયન એટલે અનુકૂલન.

(૬) અધ્યયન એ પર્યાવરણની નીપજ છે.

(૭) અધ્યયન હંમેશા સહેતુક હોય છે.

(૮) અધ્યયનમાં હંમેશાં સક્રિયતા હોય છે.

પ્ર-૧ કોણે અધ્યયનના લક્ષણો તારવ્યાં છે?

- યોકામ અને સિમ્પસન

પ્ર-૨ કોને બુદ્ધિની પ્રક્રિયા કહી છે?

- અધ્યયન ને

પ્ર-૩ અધ્યયન શાનું સંગઠન છે?

- અનુભવોનું

પ્ર-૪ અધ્યયન કેવું હોય છે?

- બુદ્ધિગમ્ય અને સર્જનાત્મક

પ્ર-૫ શું વ્યક્તિલક્ષી છે?

- અધ્યયન

પ્ર-૬ અધ્યયન શાનું અનુકુલન છે?

- સમાજનું

પ્ર-૭ અધ્યયન શાની નીપજ છે?

- પર્યાવરણ

પ્ર-૮ અધ્યયનને સહેતુક શા માટે કહ્યું છે?

- કારણકે હેતુ વગરનું કાર્ય હોય શકે નહી.

પ્ર-૯ અધ્યયનમાં હંમેશા શું હોય છે?

- સક્રિયતા

આ સિવાય મેકકાઉ નામના મનોવૈજ્ઞાનીએ અધ્યયનનાં નિમ્નલિખિત લક્ષણો ગણાવ્યાં છે.

(૧) અધ્યયન એ વર્તનનું સાતત્યપૂર્ણ પરિવર્તન છે. તે એક આજીવન પ્રક્રિયા છે.

(૨) અધ્યયનમાં અધ્યેતા સમગ્ર રીતે સંકલિત થાય છે. તે સામાજિક, સાંવેગિક અને બૌધિક રીતે તેમાં સંલગ્ન બને છે.

(૩) અધ્યયન એ વ્યાપક પ્રક્રિયા છે. તે અધ્યેતાના જીવનનાં બધાં પાસાંને આવરી લે છે.

પ્ર-૧ બીજા ક્યા મનોવૈજ્ઞાનિકે અધ્યયનના લક્ષણો જણાવ્યા છે?

- મેકકાઉ

પ્ર-૨ અધ્યયનને આજીવન પ્રક્રિયા શામાટે કહી છે?

- કેમકે તે સાતત્યપૂર્ણ પરિવર્તન છે.

પ્ર-૩ અધ્યેતા અધ્યયનમાં કઈ રીતે સંકલિત થાય છે?

- સામાજિક, સાંવેગિક અને બૌધિક રીતે

પ્ર-૪ જીવનનાં બધાં પાસાને આવરી લેતી પ્રક્રિયાને કેવી પ્રક્રિયા કહેવાય?

- વ્યાપક પ્રક્રિયા

**૧.૧.૫ અધ્યયન શું નથી?**

**(૧) બધાં જ વર્તન પરિવર્તનો અધ્યયન નથી.અધ્યેતાના શારીરિક કે સ્નાયયિક વિકાસને કારણે આવતાં પરિવર્તનો અધ્યયન નથી.**

(૨) બધાં જ પરિવર્તનો સુધારાલક્ષી હોતા નથી. ગુનેગારો કાયદા તોડે છે. સંતાનો પોતાના વડીલોની આમન્યા રાખતા નથી. સામાજિક દ્રષ્ટિએ આ અધ્યયન નથી.

(૩) અધ્યેતાની પુખ્તતાને કારણે, વૃદ્ધિને કારણે કે કોઈ અકસ્માતને કારણે આવતું પરિવર્તન અધ્યયન નથી.

(૪) ઉપચાર, દવા વગેરેને કારણે ઉદભવતી કામચલાઉ પરિસ્થિતિ અને તેને પરિણામે આવતું પરિવર્તન અધ્યયન નથી.

(૫) મૂળભૂત વલણો એ અધ્યયન નથી. દા.ત. પ્રતીક્ષીપ્ત ક્રિયાઓ એ અધ્યયન નથી પક્ષીઓ માળો બાંધે તે અધ્યયન નથી. સુગરી કે દરજીડો જેવાં પક્ષીઓ જે વિશિષ્ટ પ્રકારના માળા બાંધે છે તે અધ્યયન નથી.

પ્ર-૧ શાને કારણે આવતા પરિવર્તનો અધ્યયન નથી?

- શારીરિક અને સ્નાયવિક પરિવર્તનો

પ્ર-૨ શું બધાજ વર્તન પરિવર્તનો અધ્યયન છે?

- ના

પ્ર-૩ ગુનેગારો કાયદાઓ તોડે છે એ કેવું અધ્યયન નથી?

- સુધારાલક્ષી પરિવર્તનો નથી

પ્ર-૪ સંતાનો વડીલોની અમાન્ય રાખતા નથી એ કેવું અધ્યયન નથી?

- સામાજિક દ્રષ્ટિએ અધ્યયન નથી

પ્ર-૫ શાને અધ્યયન ના કહી શકાય?

- પુખ્તતા, વૃદ્ધિ અને અકસ્માતથી થતું અધ્યયન

પ્ર-૬ શેનાથી કામચલાઉ પરિસ્થિતિ ઉદભવે છે?

- ઉપચાર અને દવા

પ્ર-૭ કેવા વલણો એ અધ્યયન નથી?

- મૂળભૂત

પ્ર-૮ પ્રતીક્ષીપ્ત ક્રિયા એટલે શું?

- જન્મજાત થતી ક્રિયાઓ

પ્ર-૯ ક્યાં પક્ષીઓ વિશિષ્ટ માળાઓ બાંધે છે?

- સુગરી કે દરજીડો


પ્ર-૧૦ પક્ષીઓ માળો બાંધેછે એ કેવી પ્રક્રિયા છે?

- પ્રતીક્ષીપ્ત

૧.૧.૬ અધ્યયનનું સ્વરૂપ:

- અધ્યયનનું સ્વરૂપ સરળ ભાષામાં રજુ કરવાનો પ્રયત્ન મિલર અને ડોલાડ નામના મનોવૈજ્ઞાનિકે કર્યો.
- મનોવિજ્ઞાનની ડેશીલ અધ્યયન પ્રક્રિયાની આકૃતિ દ્વારા સ્પષ્ટ કરીએ.
- તેમની પાયાની ધારણા એવી છે કે વ્યક્તિ જયારે કોઈ વસ્તુની જરૂરિયાત અનુભવે, કે કઈક જુએ, અવલોકે અને તેને પરિણામે કઈક પામે આની પ્રક્રિયા થાય ત્યારે અધ્યયન પ્રક્રિયા થઈ ગણાય.

અધ્યયન પ્રક્રિયા દર્શાવતી આકૃતિ



પ્ર-૧ ક્યાં મનોવિજ્ઞાને અધ્યયનનું સ્વરૂપ આપ્યું?

- મિલર અને ડોલાડ

પ્ર-૨ વ્યક્તિ કઈ જોવે અને અંતે કઈક પ્રક્રિયા થાય તે શું છે?

- પાયાની ધારણા

પ્ર-૩ અધ્યયનની આકૃતિક પ્રક્રિયા કોણે દર્શાવ્યુ છે?

- ડેશીલ

## ૨.૧ અધ્યાપનની સંકલ્પના

**૨.૧.૧. અધ્યાપનનો અર્થ:**

- **શિક્ષક જયારે પોતાના એકમને વર્ગખંડમાં વધુમાં વધુ રસમય બનાવવા વિચારે છે ત્યારે હકીકતમાં તે અધ્યાપન અંગે જ વિચારે છે.**
- **શિક્ષક જયારે એકમને બધા જ અધ્યેતાઓ ગ્રહણ કરે તેવી રીતે ભણાવવા આયોજન કરે ત્યારે પણ તેનું ધ્યાન અધ્યાપન ઉપર કેન્દ્રિત હોય છે.**
- **આમ અધ્યાપનને અધ્યેતા અને અધ્યયન સાથે સંબંધ છે.**
- **અધ્યાપનને અધ્યયન અનુભવો અને પ્રસ્તુતિકરણ સાથે પણ સંબંધ હોય છે.**
- **અધ્યાપન એટલે શીખવવું.**
- **અધ્યાપન મૂળભૂત રીતે સંસ્કૃત શબ્દ છે.**

- તેથી શબ્દની વ્યુત્પીત્તિ આ મુજબ થાય છે.
- અધિ + ઈ ધાતુ અધ્યાપન શબ્દના મૂળમાં રહ્યો છે.
- અધિ + ઈ એટલે શીખવવું.
- શીખવુંનું પ્રેરક રૂપ શીખવવું થાય છે.
- 'અધ્યાપન' નો અર્થ પણ 'શીખે તેમ કરવું'.
- અંગ્રેજીમાં ભાષામાં Teaching શબ્દ છે.
- તેના મૂળમાં Teach શબ્દ છે.
- તેનો ધાતુ રૂપ Teacan છે.
- તે જૂની જર્મન ભાષાના ધાતુ પરથી ઉતરી આવ્યો છે.

પ્ર-૧ શિક્ષક વધુને વધુ વર્ગખંડમાં શું બનાવવા પ્રયત્ન કરે છે?

- એકમ

પ્ર-૨ શિક્ષકની વર્ગખંડને રસમય બનાવવાની પ્રક્રિયાને શું કહે છે?

- અધ્યાપન

પ્ર-૩ શિક્ષક બધાને ગ્રહનશીલ રીતે ભણવા પર ધ્યાન કેન્દ્રિત કરે તે શું છે?

- અધ્યાપન

પ્ર-૪ અધ્યાપનને કોના સાથે સંબંધ છે?

- અધ્યયન અને અધ્યાપન

પ્ર-૫ અનુભવો અને અન્ય શેના સાથે અધ્યયનને સંબંધ છે?

- પ્રસ્તુતિકરણ

પ્ર-૬ અધ્યાપન એટલે શું?

- શીખવવું

પ્ર-૭ અધ્યાપન શબ્દ મૂળભૂત કઈ ભાષાનો શબ્દ છે?

- સંસ્કૃત

પ્ર-૮ સંસ્કૃતમાં કઈ ધાતુમાં અધ્યાપન રહેલું છે?

- અધિ + ઈ

પ્ર-૯ શીખવુંનું પ્રેરક રૂપ કયું છે?

- શીખવવું

પ્ર-૧૦ 'શીખે તેમ કરવું' એટલે?

- અધ્યાપન

પ્ર-૧૧ અંગ્રેજી ભાષામાં અધ્યાપન માટે કયો શબ્દ છે?

- ટીચિંગ

પ્ર-૧૨ તેના મુળ શેમાં રહેલા છે

- ટીચ

પ્ર-૧૩ **teacan** ધાતુ કઈ ભાષામાંથી ઉતરી આવી છે?

- જર્મન

૨.૧.૨. અધ્યાપનની વ્યાખ્યાઓ

- અધ્યાપન એ એવી વિવિધ ક્રિયાઓનો સમુચ્ચય છે કે વ્યક્તિ-વ્યક્તિ અને પરિસ્થિતિ-પરિસ્થિતિ એ ભિન્ન રૂપે સમ્પન્ન થાય છે.

  \- બાર

- અધ્યાપન અન્યને શીખવામાં મદદરૂપ થવાની કળા છે. માહિતી પૂરી પડવી, તથા અધ્યયનને સમૃદ્ધિ કરવા માટેની પ્રવૃત્તિઓ, પરિસ્થિતિઓ અને શરતો પૂરી પાડવા જેવી બાબતોને તે પોતાનામાં સમાવે છે.

  \- **English & English (1958)**

- અધ્યાપનએ એક આંતર્કીયાત્મક પ્રક્રિયા છે કે જે સામાન્ય રીતે વર્ગખંડ વાતચીતમાં પરિણામે' છે. આ પ્રક્રિયા અધ્યેતાઓ અને અધ્યાપક વચ્ચે સંપન્ન થાય છે અને તે પણ સુવ્યાખ્યાયિત એવી ચોક્કસ પ્રવૃતિઓ વચ્ચે થતી હોય છે. આથી અધ્યાપન પ્રવૃત્તિન: પ્રેરણા પૂરી પડવી,

આયોજન કરવું, માહિતી આપવી, ચર્ચાનો દોરીસંચાર કરવો, અનુશાસન કાયમ કરવું, પરામર્શ આપવું અને મૂલ્યાંકન કરવું. - **Amidon & Hunter, 1967**

•